વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ

પ્રવિણચંદ્ર રણછોડલાલ ચૌધરી
(૧૯૩૭)મો.૯૩૭૪૯૮૨૧૦૭

ચંદ્રિકા નગીનદાસ પાટડીયા
(૧૯૪૪)ફોન : ૨૩૨૨૬૭૫૪

દિનેશચંદ્ર રવિશંકર પુરોહિત
(૧૯૫૨)મો.૯૮૨૪૩૮૫૦૮૩

આજે ગાંધીનગરની સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાઓ સાથેની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૧૯

રાજયમાં અને દેશમાં કમ્મરતોડ કાળઝાળ મોંઘવારીએ માઝા મૂકી છે ત્યારે આ મહાકાળ રાક્ષસી પ્રશ્નોના ઉકેલની વિચારણા સારું પાટનગર ગાંધીનગરની સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાઓ સાથેની એક બેઠક આજે ૨૦મી મે ૨૦૧૨ને રવિવારે સાંજે ૫.૩૦ વાગ્યે નમન એપાર્ટમેન્ટ, સેકટર-૨૧, ગાંધીનગર ખાતે યોજાશે. બેઠકમાં ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદના સર્વે પદાધિકારીઓ, કારોબારી સભ્યો અચૂક ઉપસ્થિત રહે તેવો સંસ્થાના મહામંત્રી મૂળજીભાઈ દધિએ ખાસ અનુરોધ કર્યો છે.

ગાંધીનગર જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક આજરોજ જિલ્લા કલેકટર શ્રી પી.સ્વરૂપના અધ્યક્ષ સ્થાને મળી હતી. આ બેઠકમાં જિલ્લા કલેકટરશ્રીએ આપણો તાલુકો વાઈબ્રન્ટ તાલુકો- એટીવીટી કેન્દ્ર અંગે લોકોમાં જાગૃતિ કેળવાય, સાચા અર્થમાં આ કેન્દ્રો સરકાર-લોકો વચ્ચે સેતુરૂપ ભૂમિકા ભજવે. તેમજ કુપોષણ સામેના જંગમાં જિલ્લાના અધિકારીશ્રીઓને જોડાઇ કુપોષણથી પીડાતા બાળકોને દત્તક લેવા નમ્ર અપીલ કરી હતી.

આ બેઠકમાં કલેકટર શ્રી પી.સ્વરૂપે વધુમાં જણાવ્યું હતું કે, એટીવીટી કેન્દ્રોમાં વધુમાં વધુ મહેસુલ વિભાગની જ મોટા ભાગની અરજીઓ આવે છે. પરંતુ એટીવીટી કેન્દ્રને લઇ લોકોમાં લોકજાગૃતિ કેળવાશે તો જ તેને સંલગ્ન જે તે વિભાગના મુદ્દાઓ અને યોજનાની માહિતીનો લોકો ઉપયોગ કરતાં થશે.તેમજ જનસેવા કેન્દ્રમાં મળતી અરજીઓ બાબતે ત્વરિત યોગ્ય કાર્યવાહી કરવાની વાત પર પણ ભાર મુક્યો હતો. તે ઉપરાંત એટીવીટી તાલુકા અમલીકરણ અને સંકલન સમિતીની બેઠક નિયમિત રીતે અને દરેક સભ્યોની ઉપસ્થિતિમાં યોજવા સબંધિત અધિકારીશ્રીઓને સૂચના આપી હતી. કલસ્ટર અધિકારીઓએ પોતાના તાબા હેઠળના તમામ ગામોનો સર્વાંગી વિકાસ થાય તેવા ઉમદા આશયથી દરેક ગામનો એક રીર્પોટ બનાવવો અને આ રીપોર્ટના આદ્યારે ંતઅધિકારીશ્રીઓને એટીવીટી અંતર્ગત મળેલ ગ્રાન્ટનું સુચારું આયોજન કરવા ભારપૂર્વક જણાવ્યું હતું. જિલ્લા -ભારી મંત્રીશ્રીના અધ્યક્ષ સ્થાને ટુંકા ગાળામાં યોજાનાર એટીવીટી અંતર્ગતની બેઠકમાં ંત અધિકારીશ્રીઓને આ આયોજન રજૂ કરવા કહ્યું હતું. તે ઉપરાંત ગાંધીનગર શહેરમાં વધી ગયેલા દબાણો દૂર કરવા સંબધિત અધિકારીશ્રીઓને સુચના આપી હતી. તેમજ ફરી આ દબાણ ન થાય તે ખાસ જોવા તાકીદ કરી હતી. કલેકટરશ્રીએ ઉનાળાને ધ્યાનમાં રાખી જિલ્લાની તમામ નગરપાલિકાના ચીફ ઓફિસરો પાસેથી પાણી સપ્લાયની વ્યવસ્થા અંગેની જાણકારી મેળવી હતી.

આ બેઠકમાં લોકોને સ્પર્શતા મહત્વના મુદ્દાઓ, પડતર તુમારના નિકાલ અંગે, સરકારી બાકી લહેણાં-વસુલાત અંગે પણ ખાસ ઝુંબેશો યોજી વસુલાત કરવા સંબંધિત અધિકારીઓને સુચના આપી હતી. બેઠકમાં સરકારી કર્મચારીઓ - અધિકારીઓના પગાર નિયત કરવા, પેન્શન કેસો સમયસર તૈયાર કરી રજૂ કરવા, તકેદારી આયોગના કેસો અંગે જરૂરી કાર્યવાહી કરવાની વાત પર ખાસ ભાર મુક્યો હતો. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી એમ.એ.ગાંધી, ઈન્ચાર્જ જિલ્લા પોલીસ વડા શ્રી ઉષા રાડા, નિવાસી અધિક કલેકટર શ્રી ડી.બી.મહેતા સહિત જિલ્લાના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહયાં હતાં.

ગુજરાત રાજ્ય મધ્યાહન ભોજન યોજના કર્મચારી મહામંડળનાપ્રમુખ શ્રી ચંદનસિંહ કે. વાઘેલાની ઉપસ્થિતિમાં તા. ૧૫-૫-૨૦૧૨ના ઘ-૧ થી ઘ-૩ સેક્ટર ઉપવાસી છાવણીએ જાહેર સભામાં ફેરવાયેલ. તા. ૨૫-૪-૨૦૧૨ થી રાજ્ય મહામંડળ પગાર ધોરણ તથા બીજી અન્ય માંગણીઓ લઈને છેલ્લા ૧ વર્ષથી હડતાલ ઉપર છે. આ યોજનામાં માસિક રૂ. ૧૦૦૦ના નજીવા વેતનથી સંચાલક રસોયા તથા મદદનીશો કે જેઓ એક લાખ કર્મચારીઓ સંકળાયેલા છે. જેમાં ૬૦,૦૦૦ તો મહિલા કર્મચારીઓ છે. છેલ્લા ૨૭ વર્ષથી નજીવા વેતને ફરજ બજાવે છે તથા રાજ્ય સરકાર દ્વારા રાજ્યના ઘણા તાલુકાઓ એનજીઓને આપવાથી કર્મચારીઓને છૂટા કરવામાં આવેલ છે. મહામંડળની વ્યાજબી માંગણીઓ માંગતું આવેદનપત્ર આપવામાં આવશે. તેમ છતાં જો આ મહામંડળના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં નહિં આવે તો તા. ૭-૬-૨૦૧૨ના રોજ ગાંધીનગર સેક્ટર, ઘ-૩, પથિકાશ્રમ ખાતે દાંડી કુચ કરવામાં આવશે. જેમાં રાજ્યના તમામ સંચાલકો, રસોયા અને મદદનીશો હાજર રહેશે.

આજે સુંદરકાંડના સંગીતમય પાઠ યોજાશે

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના બાલાજી હનુમાન મંદિર સેકટર-૨-એ અને સેકટર-૨-બી ખાતે સુંદરકાંડના પાઠનું અને કાન્તિભાઈ યોગીની વ્યાપીઠે આયોજન કરવામાં આવ્યું છે.

કાન્તિભાઈ યોગીની વ્યાસપીઠે રામચરિત માનસના પંચમ સોપાન સુંદરકાંડના સંગીતમય કથા પાઠનું આયોજન આજે તા. ૨૦મી મે ૨૦૧૨ને રવિવારે સવારે ૭.૩૦ કલાકે પ્લોટ નં. ૧૪૨૧/૧, સેકટર-૨-બી, હેમંતભાઈ આગજાના યજમાન પદે અને શ્રી બાલાજી હનુમાન મંદિર, સેકટર-૨-એ ખાતે રાત્રે ૮.૧૫ કલાકે યોજાશે.

વાસ્તુનિર્માણ સોસાયટીમાં પ્લોટ નં. ૬૧૧, સેકટર-૨૨ ખાતે એન.પી. બારડના યજમાનપદે રાત્રે ૮.૩૦ કલાકે તા. ૨૨મી મે ૨૦૧૨ને મંગળવારે સુંદરકાંડના પાઠ યોજાશે જેની ભાવિક ભકતોએ નોંધ લેવી.

જાતિ પરિક્ષણ પ્રતિબંધ અંગે રાજ્ય સલાહકાર સમિતિ રચાઈ

ગાંધીનગર, તા. ૧૯

રાજ્ય સરકાર જાતિ પરિક્ષણ પ્રતિબંધ એક્ટને વધુ અસરકારક બનાવવા કટિબધ્ધ છે. રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા તાજેતરમાં રાજ્યકક્ષાએ જાતિ પરિક્ષણ પ્રતિબંધ અંગે રાજ્ય સલાહકાર સમિતિની રચના કરવામાં આવી છે.

આ સમિતિના ચેરપર્સન તરીકે ફેડરેશન ઓફ રેડિયોલોજિસ્ટ સોસાયટીના પ્રમુખ રહેશે. જ્યારે અન્ય સભ્યોમાં બી.જે. મેડિકલ કોલેજ અમદાવાદના ગાયનેકોલોજિસ્ટ એન્ડ ઓબ્સ્ટેટ્રિસીઅન, પિડિયાટ્રિકસ, રેડિયોલોજીના પ્રોફેસર એન્ડ હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટ, કાયદા વિભાગના સંયુક્ત સચિવ(જ્યુડિસિયરી) શ્રી વી. એસ.દવે, માહિતી ખાતાના સંયુક્ત માહિતી નિયામક શ્રી અરવિંદભાઇ પટેલ, ધારાસભ્ય શ્રીમતી ડૉ. માયાબેન કોડનાની અને ફેડરેશન ઓફ ગાયનેકોલોજિસ્ટ એન્ડ ઓબ્સ્ટેટ્રિસીઅન સોસાયટીના પ્રમુખનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના જાહેરનામામાં જણાવાયું છે.

મુખ્યમંત્રી અમેરિકા - કેનેડાના ૧૨ શહેરોમાં ગુજરાતી પરિવારોને સેટેલાઈટ ટેકનોલોજીથી સંબોધશે

ગાંધીનગર, તા. ૧૯

મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અમેરિકા અને કેનેડામાં વસતા ગુજરાતીઓ સહિત ભારતીય પરિવારોને ગાંધીનગરથી રવિવાર વીસમી મે, ૨૦૧૨ના રોજ વહેલી સવારે સાડા છ વાગે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી પ્રેરક સંબોધન કરશે.

ઈન્ડીઅન ગુજરાતી સમૂદાય ઓફ અમેરિકાના ઉપક્રમે અમેરિકા અને કેનેડાના બાર પ્રમુખ શહેરોમાં 'ગુજરાત દિવસ' મહોત્સવ ઉજવાઈ રહ્યો છે તે અવસરે આ બંને દેશોમાં વસતા ગુજરાતી સમૂદાયો તરફથી શ્રી નરેન્દ્રભાઈ મોદીને સેટેલાઈટ ટેકનોલોજીના માધ્યમથી પ્રેરક સંબોધન કરવા અને ગુજરાતના વિકાસની ભૂમિકા તથા વિદેશ વસતા ગુજરાતીઓને માર્ગદર્શન આપવા નિમંત્રણ મળ્યું હતું જેનો સ્વીકાર મુખ્ય મંત્રીશ્રીએ કર્યો છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદી ભારતીય સમય પ્રમાણે રવિવાર સવારે સાડા છ વાગે અમેરિકા અને કેનેડાના ૧૨ શહેરોમાં એકી સાથે વાર્તાલાપ કરશે. અમેરિકા અને કેનેડામાં અમેરિકન સમય ૧૯મી મે, શનિવારે રાત્રે ૮-૩૦ કલાકનો હશે. મુખ્ય મંત્રીશ્રીનું આ અમેરિકન-કેનેડા ગુજરાતી પ્રજાજોગ જીવંત પ્રસારણ નીચેની વેબસાઈટ ઉપરથી પણ થશે. (1) www.gujaratindia.com (ß) www.narendramodi.in

સમાચાર ઝલક

- **ગુજરાતનાં ૧૫,૮૦૦૦ એલ.પી.જી. કનેકશનો બંધ.**
- **સોનાની બે લાખથી વધુની ખરીદી સામે પાનકાર્ડ જરૂરી.**
- **પાકિસ્તાન સાથે ત્રાસવાદ મુદ્દે જુલાઇમાં વાતચીત થશે : વિદેશમંત્રી એસ.એમ. કિષ્ણા.**
- **એપ્રિલમાં કન્ઝ્યુમર ફુગાવો વધી ૧૦૩૬ થયો.**
- **આઇ.પી.એલ.માં થતાં તમાશા સામે સાંસદોનો આક્રોશ.**
- **નડિયાદ તાલુકાના કમળા ગામના ખેડૂતે માત્ર ૧૦ છોડમાંથી આમળાનો મૂલ્યવર્ધન પાકથી ૧ લાખની વધુ ઉપજ મેળવી.**
- **આણંદમાં વૈભવી કારનો લોગો ચોરતી ટોળકી ઝડપાઇ.**
- **ગુજરાતભરમાં ઓ.બી.સી. પ્રમાણપત્ર મેળવવા વિદ્યાર્થીઓની દોડધામ.**
- **સોમનાથના દરિયામાં ન્હાવા ઉપર પ્રતિબંધ.**
- **સાવધાન : ભારતમાં કોઇ પણ ભાગમાં ખગોળીય ઘૈંડલી તબાહી મચી શકે છે, આકાશી આફતનો ભય.**
- **ભચાઉ પાસે લકઝરી પલટી ખાતાં ૩નાં કરૂણ મોત.**
- **ગાંધીધામમાં રૂપિયા ૨૪ કરોડની કરચોરી આવકવેરા ખાતાએ ઝડપી.**
- **કરાંચીમાં અપહરણ અને ગોળીબારની ઘટનાઓ વધવા લાગી : ૨ પોલીસ સહિત ૧૨ લોકોનો મોત.**
- **ટાઇટેક સ્વરૂપ બદલ્યું : માટલાના સ્થાને બાટલા, ઓફીસો, ઘરો તથા લગ્નસ્થળે બાટલા મંગાવાય છે.**
- **આજે શનિદેવ જયંતિ ભારતભરમાં ભક્તિભાવથી ઉજવાશે.**
- **ગોંડલના પ્રખ્યાત રણજી ખેલાડી શ્રી નરેન્દ્રસિંહ રાણાનું અવસાન : ૫૯ રણજી મેચ રમ્યા હતા.**
- **સ્ટેડિયમમાં નહીં જાઉં તો જિંદગી બદલાઇ નહીં જાય : શાહરૂખ ખાન.**
- **બોલીવુડની કમાણીનું ગુજરાતમાં રોકાણ થશે.**

નહેરુ યુવા કેન્દ્ર ૨૧મીએ રક્તદાન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૧૯

ભારત સરકારે ૨૧મી મે ને 'આતંકવાદ વિરોધી દિન' જાહેર કર્યો છે. નહેરુ યુવા કેન્દ્ર, ગાંધીનગર દ્વારા ૨૧મી મે ના રોજ આતંકવાદ વિરોધી દિવસના ઉપક્રમે સવારે ૧૦ કલાકે સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર ખાતે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

આતંકવાદ વિરોધી દિન માટે નહેરુ યુવા કેન્દ્રે જિલ્લાના અલગ અલગ સ્થળોએ રક્તદાન કાર્યક્રમ, વકતૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, વાર્તાલાપ વગેરેનું આયોજન કર્યું છે. આ દિને 'શપથ' પણ લેવડાવવામાં આવશે. જુનિયર સિટીઝન કાઉન્સિલ, યુવા દિશા કેન્દ્ર ગાંધીનગર, જી.ઈ. ક્લબ ગાંધીનગર વગેરે સંસ્થાના પ્રતિનિધિઓ પણ આ કાર્યક્રમોમાં જોડાશે. ૨૧મી મે એ ભારતના ભૂતપૂર્વ પ્રધાનમંત્રી રાજીવ ગાંધીની પુણ્યતિથિ છે જેથી જિલ્લાના યુવા કાર્યકરો, યુવા મિત્રો ખાસ ઉપસ્થિત રહેશે અને મોટી સંખ્યામાં રક્તદાન કરશે તેવુ યુથ કો-ઓર્ડિનેટર રજનીકાંત સુથારે જણાવ્યું છે.

કંપની સમાચાર

એક કંડિશનર્સ માટેનાં એનર્જી પરફોર્મન્સ સ્ટાન્ડર્ડ્સ ભારતમાં વિસ્તૃત રીતે અપગ્રેડ કરાયાં

કેન્દ્રીય ઊર્જા મંત્રાલય હેઠળની કાનૂની સંસ્થા ધ બ્યુરો ઓફ એનર્જી એફિશિયન્સી(બીઈઈ) દ્વારા સ્પ્લિટ પ્રકારનાં રૂમ એર- કંડિશનર્સના સ્ટાર રેટિંગ માટેની આવશ્યકતાઓને અપગ્રેડ કરવામાં આવી છે. આ નિયમન ચાલુ વર્ષે જાન્યુઆરીથી અમલી બન્યું છે અને તેને લીધે સ્પ્લિટ એર- કંડિશનર્સ માટે રેટિંગ બેન્ડમાં લગભગ ૮ ટકા ઊર્જા કાર્યકુશળતા ધોરણોને વધારવામાં આવ્યા છે, જેનો ઉદ્દેશ્ય ઊર્જા બચત માટે ગ્રાહકોને જાગૃતિ ફેલાવવાનો છે. અને આ ઉદ્યોગ માટે ક્ષિતિજમાં વધુ ઊર્જા કાર્યકુશળ ઉપકરણો નિર્માણ કરવાનો છે. આ પહેલની રજૂઆત ૨૦૧૦માં કરવામાં આવી હતી. જે ૨૦૧૩માં એન્વાયર્નમેન્ટ (મોન્ટ્રિયલ પ્રોટોકોલ) પર મોન્ટ્રિયલ કોમ્પ્લેક્ટ હેઠળ હાઈડ્રો- ક્લોરોફોરો- કાર્બન્સ (એચસીએફસી) પર આગામી ફ્રીઝને ધ્યાનમાં રાખીને ખાસ સુસંગત છે અને કોઈ પણ ઊર્જા પેનલ્ટી વિના ભાવિ જીડબ્લ્યુપી (ગ્લોબલ વોર્મિંગ પોટેન્શિયલ) માટે તૈયાર રહેવાનો પ્રયાસ છે. ભારતીય ઉદ્યોગ માટે આ નિશાન નક્કર ભાવિ પગલું છે, જેનાથી જાગૃતિ ફેલાવવામાં આવશે અને અત્યંત મહત્વપૂર્ણ ઊર્જા કાર્યકુશળતાના મુદ્દાઓને કાબૂમાં લેવા માટે નીતિની બાજુ તૈયાર રહેવાનો છે અને ઊર્જા સુધારણાના ક્ષેત્રમાં આરોગ્યવર્ધક જાહેર-ખાનગી ભાગીદારીની દિશામાં દૃઢ પગલું પણ છે.

અમદાવાદી ગૌરવ પંચાલની ફિલ્મ 'લવ, લાઇઝ એન્ડ સીતા'ની રજૂ

અમદાવાદમાં ઉછરેલા અને મોટા થયેલા અને અમેરિકા સ્થિત ગૌરવ પંચાલ દ્વારા નિર્મિત 'લવ, લાઇઝ અને સીતા' ફિલ્મની તા. ૧૮ મે ના રોજ રજૂઆત થઇ રહી છે. નેવુનાં દશકામાં અમદાવાદમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની પ્રેકટિસ કરતા અને હાલમાં યુએસએમાં સીપીએ તરીકે પ્રેકટિસ કરતાં ગૌરવ પંચાલ પોતાના મિત્ર ચંદ્રા પેમ્મારાજુ સાથે આ સ્વતંત્ર ફિલ્મ બનાવી છે. ન્યૂયોર્ક ફિલ્મ એકેડેમીમાં સાથે ભણનારા ગૌરવ અને ચંદ્રા દ્વારા નિર્મિત આ ફિલ્મ સિનેમેક્સ થિયેટરમાં પ્રદર્શિત કરવામાં આવશે. વર્ષ ૨૦૦૯ માં અંત ભાગમાં ન્યયોર્કની ફિલ્મ સ્કૂલનાં વિદ્યાર્થી ગૌરવ પંચાલને એક ફિલ્મ બનાવવાનો વિચાર આવ્યો. તેણે આ વિચારને પોતાના સહાધ્યાયીઓ સમક્ષ મુક્યો. જેને તમામ મિત્રોએ વધાવીને આ વિશાળ સ્વપ્નને સાકાર કરવા પ્રયત્નો આરંભ્યા. ફિલ્મનાં દિગ્દર્શકની જવાબદારી ચંદ્રા પેમ્મારાજુએ સંભાળી છે. ગૌરવ પંચાલ આ ફિલ્મને સાચા અર્થમાં ફિલ્મ ઇન્ડસ્ટ્રીનાં મોટા ટર્નરાઉન્ડ તરીકે જુએ છે, કે જેમાં આવી સ્વતંત્ર ફિલ્મોને કારણે નવા ફિલ્મ નિર્માતાઓ માટે મર્યાદિત તકનું નિર્માણ કરશે.

શબ્દાવલી - ૪૭૩૫

૧		૨		૩	■	૪	
	■		■	૫	૬		■
૭	૮		૯	■	૧૦		■
૧૧		■	૧૨	૧૩		■	૧૪
■	૧૫	૧૬	■	૧૭			
૧૮	■	૧૯			■	■	
૨૦	૨૧		■	૨૨			
૨૩			■		■	■	■

આડી ચાવી

૧. યંત્ર વિજ્ઞાન (૫)
૪. લોખંડ, લોહુ (૨)
૫. રીસામણા (૩)
૭. સીડી, દાદર (૪)
૧૦. કાણાવાળી જાળી (૨)
૧૧. પ્યાલો, ... રકાબી (૨)
૧૨. ભારતીય જનતા પાર્ટી (૩)
૧૫. સંતાકુકડી જેવી એક રમત (૨)
૧૭. ખતવવું તે, ... કરવી (૪)
૧૯. રોઈશ નહીં, રડીશ નહીં (૩)
૨૦. ખલાસ, ખતમ (૩)
૨૨. કર્તાહર્તા, શક્તિશાળી માણસ (૪)
૨૩. રોવું, આંસુ સારવા (૩)

ઊભી ચાવી

૧. પ્રક્રિયા, કામગીરી પધ્ધતિ (૪)
૨. ચાકર, દાસ (૩)
૩. એક મસાલો (૨)
૪. વીણેલા હોય તેવા (૩)
૬. મુંઝારો, અજંપો (૪)
૮. સોગન, સોગંધ (૩)
૯. 'ભાણી' નું ઊંધુ (૨)
૧૩. ઘણા ગુસ્સામાં કે રીસમાં કયાં જાઓ છો? જવાબ આવો આપે (૫)
૧૪. ખોરાક પાણી, ખાનપાન (૪)
૧૬. પોરસ ચડ્યો હોય તેવું, આનંદથી ઉભરાવું (૪)
૧૮. ગોદામ, જથ્થાબંધ વસ્તુઓ રાખવાની જગ્યા (૩)
૨૧. યુધ્ધ કર, જગડ (૨)

શબ્દાવલી ૪૭૩૪ના જવાબ

આડી ચાવી :- (૧) સંભાવના (૫) વાજબી (૭) જોતરવું (૮) વડપણ (૧૦) આડોડાઈ (૧૨) કોપ (૧૩) ઓજસ (૧૫) હવન (૧૭) પસાયતો (૧૮) રાડારાડ (૨૦) મઈ (૨૧) કઠણ

ઊભી ચાવી :- (૧) સંજોગ (૨) ભાત (૩) વરઘોડો (૪) નાવુ (૫) વાવડ (૬) બીકણ (૮) વઈ (૯) પરાજય (૧૦) આપવડાઈ (૧૧) ડામ (૧૨) કોહરામ (૧૩) ઓસામણ (૧૪) સતોગુણી (૧૬) નરા (૧૯) ડક

બિયારણના ભાવો અંગે ખેડૂતોને ગુમરાહ કરતા જૂઠ્ઠાણાને પડકારતા મુખ્યમંત્રી

કૃષિ મહોત્સવ અંગે વિડિયો કોન્ફરન્સ મુખ્યમંત્રીનો ખેડૂતો સાથે સાંધ્ય વાર્તાલાપ

ગાંધીનગર, તા. ૧૯

મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કૃષિ મહોત્સવ અભિયાન અંતર્ગત રાજ્યના ખેડૂતો સાથે વિડીયો કોન્ફરન્સથી સાંધ્ય વાર્તાલાપ કરતા જણાવ્યું કે, ખરીફ પાકો માટે આ સરકારે સવા પાંચ લાખ ક્વીન્ટલ બિયારણની જરૂરિયાત પૂરી પાડવા કાળજી લીધી છે. અત્યારે ગુજરાતમાં ઉત્તમ બિયારણનો જરૂર કરતાં વધારે ૫૦,૦૦૦ ક્વીન્ટલ જથ્થો તૈયાર રાખ્યો છે.

ગુજરાતમાં અપ્રમાણિત બિયારણો સામે ખેડૂતોને લોકશિક્ષણ આપી જાગૃત રાખવાના પ્રયાસોનો ઉલ્લેખ કરી તેમણે જણાવ્યું કે, ફોરેન્સીક સાયન્સ લેબ દ્વારા ડી.એન.એ. ફિંગરપ્રિન્ટથી બિયારણો પ્રમાણિત છે કે નબળી કક્ષાના તેનું ટેસ્ટીંગ કરી આપે છે. ૧૧ ટીસ્યુકલ્ચર લેબ લગાવી છે, એમ પણ જણાવ્યું હતું.

ભારત સરકારે કપાસના બિયારણને આવશ્યક ચીજવસ્તુ ધારો લાગુ પાડી ગુજરાતનો કપાસ જથ્થાનો અધિકાર પાછો ખેંચી લીધો તે માટે સર્વોચ્ચ અદાલત સુધી ગુજરાત સરકાર ગઈ છે, એમ પણ મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

ગુજરાતના ખેડૂતોને ગૂમરાહ કરવાના જૂઠ્ઠાણાને પડકારતાં જણાવ્યું કે, ગુજરાત રાજ્ય બીજ નિગમ દ્વારા બિયારણની ખેડૂતો પાસેથી ૮૦૦ રૂપિયે નહીં પણ ૧૪૦૦ રૂપિયે ખરીદી કરે છે અને ખેડૂતોને પ્રોત્સાહક સહાય સાથે રૂા. ૧૦૩૪ થી ૧૧૦૦ સુધી અપાય છે. જ્યારે મહારાષ્ટ્રમાં ખેડૂતો પાસેથી બિયારણની કિંમત લેવાય છે, તેમ તેમણે જણાવ્યું હતું.

મુખ્ય મંત્રીશ્રીએ કૃષિકાંતિમાં પ્રમાણિત અને ચી ગુણવત્તાવાળા સુધારેલા બિયારણોની રાજ્ય સરકારની પ્રોત્સાહક નીતિની આજે વિશેષ રૂપરેખા આપી હતી.

તેમણે જણાવ્યું કે, ખેડૂતની મોટી ચિંતા ભૂલેચૂકે ખોટું બિયારણ ખેતરમાં ગયું તો ખેતીના બાર મહિના બગડી જતા હોય છે તેથી આ સરકારે ગુણવત્તાવાળા પ્રમાણિત બિયારણના ઉત્પાદન-વિતરણ ઉપર ધ્યાન આપ્યું છે. ચાર કૃષિ યુનિવર્સિટીના આઠ એગ્રો કલાઈમેટીક ઝોન પ્રમાણે ઉત્તમ પાકવાર બિયારણનું ઉત્પાદન સંશોધન થાય છે અને હિન્દુસ્તાનના ખૂણેખૂણેથી ખેડૂતો ગુજરાતના ઉત્તમ બિયારણ માટે ખરીદી કરવા આવે છે. ગુજરાતે કપાસ, બાજરો અને દિવેલાના બિયારણ માટે અગ્રીમ સ્થાન મેળવી લીધું છે.

ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ૨૩મીથી સમર કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૧૯

ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ બાળકોના વિકાસ માટે સતત પ્રયત્નશીલ થઈને કાર્ય કરે છે. ઉદ્‌ગમના પ્રયાસોને હંમેશા ગાંધીનગરના નગરજનોનો સાથ મળતો રહ્યો છે. ઉદગમ દ્વારા બાળકોના સાતત્યપૂર્ણ વિકાસને ધ્યાનમાં રાખીને સમર કેમ્પનું આયોજન તા. ૨૩મી મે થી ૨૭મે ૨૦૧૨ સુધી કરવામાં આવ્યું છે.

આવો રંગ ભરીએ, બાળકનું જીવન બદલીએના અભિગમથી આ કેમ્પમાં બાળકના વ્યકિતત્વ વિકાસના આશય સાથે યાદ શકિત વધારવા, ગોલ સેટિંગ, પરિવાર અને સમૂહની ભાવના કેળવવી, જીવન મૂલ્ય શિક્ષણ, જાહેરમાં બોલવાની વકતૃત્વ કળાનો વિકાસ, ભવિષ્ય નિર્માણનું આયોજન, પ્રકૃતિ દર્શન, વ્યસન મુકિતના ફાયદા વગેરે જેવા વિષયો આવરી લેવામાં આવશે.

ઉદગમની બાળવૈભવ શિબિરમાં નાઈસ ડ્રિમ એકેડમીના સહયોગથી બાળકો માટે ૨-ડી એનીમેશન અને ૧૦ દિવસના મુવી મેકીંગના વર્ગોનું આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર બાળવૈભવ શિબિરનું આયોજન વિનામૂલ્યે કરવામાં આવ્યું છે. આ શિબિરમાં ભાગ લેનાર બાળકોએ કોઈ પણ પ્રકારની ફી આપવાની રહેતી નથી. બાળવૈભવ શિબિરમાં ભાગ લેવા માંગતા બાળકોએ પોતાના નામ નોંધાવવા ઉમાબેન ભટ્ટ-૯૯૦૪૧૫૮૩૬૯, વર્ષાબેન પારેખ-૯૭૨૩૪૨૯૨૯૪, જયશ્રીબેન ખેતિયા-૯૮૨૫૩૩૩૬૭૫, મયૂર જોષી-૯૪૨૭૩૮૦૭૮૮ અને ઉદગમના કાર્યાલય-૨૩૨૩૫૪૧૩, પ્લોટ નં. ૮૧૮, પોલીસ ચોકી સામે, સેકટર-૮-સી, ગાંધીનગરનો સંપર્ક કરવો.